ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૭ ટકા

# શહેરમાં શાકભાજીના ભાવમાં ઘટાડો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં છેલ્લા બે ત્રણ માસથી શાકભાજીના ભાવમાં તોંતિગ વધારો થવા પામ્યો હતો. રૂ.૨૦ થી ૩૦ માં કિલોના ભાવે વેચાતા શાકભાજી રૂ.૧૦૦ થી વધુમાં વેચાતા હતા. ત્યારે શાકભાજીના ભાવમાં ભડકો થતા ગૃહિણીઓના રસોડાના બજેટ પણ ખોરવાયા હતા. નાગરીકોને શાકમાર્કેટમાં રૂ.૨૦૦ માં થેલી ભરીને પણ શાક આવતું નહોતું તેવી સ્થિતિ સર્જાઈ હતી.ત્યારે વેપારીઓએ માલ ઓછો હોવાનું બહાનુ આગળ ધરીને ઉંઘાડી લુંટ ચલાવી હતી. ત્યારે અત્યારે હાલના સમયે શાકની આવકમાં વધારો થતા શાકના બજારોમાં શાકભાજીના ભાવ ગગળી ગયા છે. અત્યારે હાલના સમયે દરેક શાક માત્ર રૂ.૨૦ થી રૂ.૪૦ના કિલોના ભાવે સરળતાથી મળી રહે છે. જયારે લાલચટ્ક ટામેટાનો ભાવ હજુંપણ યથાવત રહેવા પામ્યો છે.પરંતુ શાકભાજીના બાવમાં રાહત મળતા નાગરીકો તેમજ ગૃહિણીઓએ હાશકારો અનુભવ્યો છે.

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં ચોમાસાની સિઝન શરુ થતા જ ભાવમાં ભડકો થયો હતો. અચાનક દરેક શાકભાજીના ભાવ વધી જવા પામ્યા હતા. કારેલા, કંકોડા,ટીડોડા,પરવર, ભીંડા, ગવાર, ચોરી, તુરીયા, ગલકા સહિત મરચા તેમજ ટામેટાનો ભાવ પણ ત્રણ થી ચાર ગણો વધી ગયો હતો. એક સમયે તો ૨.૩૦ માં કિલોના ભાવે વેચાતા તુરીયા પણ રૂ.૧૨૦ના ભાવે વેચાતા હતા. ત્યારે નાગરીકોને શાકભાજીમાં શું ખરીદવુ તે પણ પ્રશ્ન સર્જાયો હતો.જયારે મરચા તેમજ ટામેટાના ભાવ સાંભળતા જ નાગરીકો પણ ચોંકી જતા હતા. મરચાની આવક થતા તેના ભાવમાં પણ ઘટાડો નોંધાયો છે. પરંતુ ટામેટાનો ભાવ આસમાનને આંબેલો છે. ત્યારે હાલના સમયે શાકભાજીના ભાવ ઘઘડતા દરેક શાકભાજી માત્ર રૂ.૨૦ થી રૂ.૪૦ ના કિલોના ભાવે સરળતાથી મળી રહેતા ગૃહિણીઓએ હાશકારો અનુભવ્યો છે.

## શહેરમાં છેલ્લા ૧૮ વર્ષથી નિરંતર ચાલતુ બાપા સિતારામ સેવા કેન્દ્ર

ગાંધીનગર, તા.૨૬

સમગ્ર રાજયમાંથી લાખો ભકતો અંબાજી ભાદરવી પૂનમે પગપાળા જતા હોય છે. ભાદરવી પૂનમે અંબાજીમાં માનવ મહેરામણ ઉભરાય છે. ત્યારે માર્ગો પર પદયાત્રીકોની ભારે ભીડ જોવા મળી રહી છે. પદયાત્રીકો માટે સેવાકેન્દ્રો શરુ થઈ ગયા છે. શહેરના માર્ગો પર પગપાળા અંબાજી જતા ભકતો માટે સેવાકેન્દ્રો ધમધમે છે. જેમાં શહેરના ચ માર્ગ પર જિલ્લા પંચાયત પાસે યુવક મંડળ દ્વારા બાપા સીતારામ સેવાકેન્દ્ર ચલાવવામાં આવે છે. આ સેવાકેન્દ્રમાં ચાલતા જતા ભકતોને પ્રસાદી સ્વરુપે કઢી-ખીચડી પીરસવામાં આવે છે. એકમથી પ્રારંભ થયેલ સેવાકેન્દ્ર તેરસ સુધી ધમધમે છે. યુવાનો રાત દિવસ ભકતોની સેવામાં ખડેપગે જોવા મળે છે. સેવાકેન્દ્રમાં પ્રથમ દિવસે મહાપ્રસાદ તેમજ અન્ય દિવસોમાં ચા-કોફી, ફ્રુટ, સુકો નાસ્તો સહિત ભકતોને વિતરણ કરવામાં આવે છે. આ ઉપરાંત ભકતો માટે બેઠક તેમજ આરામ માટેની પણ ઉત્તમ સુવિધા ઉભી કરાઈ છે. જેમાં ભકતો શાંતિથી આરામ કરી શકે છે, તેમજ પ્રાથમિક દવાઓ અને મોબાઈલ ચાર્જરની પણ સુવિધા ઉભી કરાઈ છે. આ સેવા કેન્દ્ર પાસેથી કોઈપણ ભકત પ્રસાદી લીધા વિના જાય નહી તેની કાળજી સેવકો દ્વારા લેવામાં આવે છે. સેકટર-૧૭ના બહેનો દ્વારા સેવાકેન્દ્ર ખાતે ભજનનો કાર્યક્રમ પણ યોજાય છે. અહીથી પસાર થતા સૌ શહેરીજનો પણ આ યુવક મંડળની સેવાને બિરદાવે છે.




## સ્વાઈન ફલુ-ડેન્ગ્યુ પ્રતિરોધક હોમિયોપેથીક દવાનું નિઃશુલ્ક વિતરણ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં સ્વાઈન ફલુનો વાવર ફેલાવા પામ્યો છે જેને પગલે શહેરીજનોમાં ચિંતાનો માહોલ જણાય છે. વરસાદી સીઝન પછી મચ્છરજન્ય ચેપી રોગો જવા કે ડેન્ગ્યુ, મેલેરિયા વગરે પણ માથુ ઉંચકી રહ્યા છે. આ સમયે ગાંધીનગરના હોમિયોપેથિક તબીબ ડૉ. વિજય જોગી દ્વારા વિના મૂલ્યે સ્વાઈન ફલુ તથા ડેન્ગ્યુ વાઈરસ પ્રતિરોધક હોમિયોપેથીક દવાનો ડોઝ નગરજનોને આપવામાં આવી રહ્યો છે.

ડૉ. જોગી દ્વારા આપવામાં આવતી હોમિયોપેથીક દવાનું મુખ્ય કાર્ય શરીરની રોગપ્રતિકારક શકિત વધારીને વાઈરસ સામે રક્ષણ આપવાનું છે. આ દવાની કોઈ આડઅસર નથી તથા અન્ય કોઈ પણ દવા સાથે લઈ શકાય છે તેવું તબીબે જણાવ્યું છે. આ દવા મેળવવા માટે ડૉ. વિજય જોષીના શ્રીજી કલિનિક-૧૮, રાધે ક્રિસ્ટલ, કુડાસણ શાખા પર સવારે ૧૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૭ દરમિયાન, જૈન દેરાસર પાસે રાંધેજા શાખા પર બપોરે ૨ થી ૪ દરમિયાન અને પ્લોટ નં. ૭૨૫/૧, સે-૧૩ એની શાખા પર સવારે ૮ થી ૧૦ અને સાંજે ૭ થી ૯ વાગ્યા દરમિયાન સંપર્ક સાધવા જણાવાયું છે.

## લીંબડીયા કેનાલ બહારથી બિનવારસી રિક્ષા મળી

ગાંધીનગર, તા.૨૬

ડભોડા નજીક લીંબડીયા નર્મદા કેનાલની બહારથી આજે એક બિનવારસી રિક્ષા મળી આવતા ચકચાર મચી જવા પામી છે. રિક્ષા કેનાલની બાજુમાં પાર્ક કરીને કોઈએ કેનાલમાં આપઘાત કરી લીધો હોવાની આશંકા સેવાઈ રહી છે. જેને પગલે કેનાલ સિકયુરીટી તથા તરવૈયાઓની ટીમે શોધખોળ શરુ કરી છે. મોડી સાંજ સુધી કેનાલમાંથી કોઈ મળી આવ્યું ન હતું તો બીજી તરફ કેનાલ પાસેથી બિનવારસી મળી આવેલી રિક્ષાના નંબરને આધારે પણ તપાસ શરુ કરવામાં આવી છે.

## સમી સાંજે શહેરમાં વરસાદી ઝાપટું વરસ્યું

ગાંધીનગરમાં ફરી એકવાર વરસાદી ઝાપટાંએ શહેરને ઘમરોળ્યું હતું. આજે સમી સાંજે શહેરની પશ્ચિમ દિશામાંથી શરૂ થયેલા વરસાદે પહેલા વાવોલ અને પછી ગાંધીનગરના મોટા ભાગના સેકટરોને ઝપેટમાં લીધા હતા આશરે ૧૫ થી ૨૦ મિનિટ સુધી ચાલેલા આ વરસાદને કારણે સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જો કે આ ઝાપટામાં માંડ પા ઈંચ જેટલો વરસાદ થવા પામ્યો હતો.

આજે દિવસભર ઉકળાટ ભર્યું વાતાવરણ સર્જાયેલું રહ્યું હતું. જેના કારણે નાગરિકોએ ભારે અકળામણ અનુભવી હતી. આ ઉકળાટનો અંત સાંજના આશરે ૭.૩૦ વાગ્યાના સુમારે ચાલુ થયેલા વરસાદથી આવ્યો હતો. વાવોલ વિસ્તારમાં શરૂ થયેલો આ વરસાદ ધીમે ધીમે શહેરના લગભગ તમામ વિસ્તારમાં ફેલાયો હતો જેના પગલે શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. એક તરફ શહેરમાં સ્વાઈન ફલુ, ડેન્ગ્યુ, મેલેરિયા સહિતના ઋતુજન્ય રોગચાળાનો માહોલ છે અને હજુ અનેક ઠેકાણે ભરાયેલા વરસાદી પાણી સુકાયા નથી ત્યાં ફરી વરસેલા વરસાદે ચિંતાનો માહોલ સર્જ્યો છે.

## શાહપુરમાં પ્રેમીની હત્યાના કેસમાં ટર્નીંગ પોઈન્ટ

**પ્રેમિકાએ પોલિસ સ્ટેશન આવીને કહ્યું કે 'હત્યા મારા પતિ અને જેઠે નહીં, મેં કરી હતી..!' : પોલિસે વિડીયો નિવેદન લઈ એસ.ડી.એસ. ટેસ્ટ માટે તૈયારી શરુ કરી : ૩૦ તારીખ સુધી પત્નિ રિમાન્ડ પર**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક શાહપુર ગામમાં પ્રેમીની કરપીણ હત્યા પ્રકરણમાં ટર્નીંગ પોઈન્ટ આવ્યો છે. પ્રેમીની હત્યા કરનાર પરિણીતાના પતિ અને જેઠની પોલિસે ધરપકડ કરી લીધી હતી ત્યારે ગઈ કાલે પ્રેમીકા પોલિસ સ્ટેશન હાજર થઈ ગઈ હતી અને પોલિસને કહ્યું કે 'હત્યા મારા પતિ અને જેઠે નહીં, મેં કરી હતી...' આ નિવેદનથી પોલિસ પણ ચોંકી ગઈ હતી. પોલિસે વિડીયો રેકોર્ડીંગ કરીને નિવેદન નોંધી તેણીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૩૦ તારીખ સુધી રિમાન્ડ મંજુર કર્યા છે.

ડભોડા પોલિસે શાહપુરના પ્રેમીની હત્યાની તપાસ કરી પ્રેમિકા પરિણિતાના પતિ અમરા નેનાજી ઠાકોર અને જેઠ દશરથ નેનાજી ઠાકોરની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. આ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. જેના કારણે આ કાંડ થયો તે પરિણીતા ખુદ પોલિસ સ્ટેશન આવી પહોંચી હતી. ચંપા અમરા ઠાકોરે પોલિસ સ્ટેશન આવીને કહ્યું કે હત્યા તેણે જ કરી હતી તેના પતિ અને જેઠનો આ હત્યામાં કોઈ જ રોલ નથી. પહેલા તેણીને પ્રેમ સંબંધ હતો પરંતુ સંબંધ તોડયો છતાં તે ઘરે આવીને હેરાન કરતો હતો એટલે મેં તેની હત્યા કર નાંખી હતી તેવું નિવેદન ચંપા ઠાકોરે આપતા પોલિસે વિડીયોગ્રાફી કરીને નિવેદન રેકોર્ડ કરી તેણીની ધરપકડ કરી છે. કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ૩૦ તારીખ સુધીના રિમાન્ડ આપતા પોલિસે ઉંડી પુછપરછ શરુ કરી છે. ચંપા ઠાકોર સાચું બોલે છે કે ખોટું તેની ખરાઈ કરવા એસ.ડી.એસ. ટેસ્ટ માટે એફએસએલમાંથી તારીખ માંગવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


## આજે દ્વારકેશ રેસિડેન્સી ખાતે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં આ વર્ષે ગણેશોત્સવની ઉજવણીમાં સામાજીક જવાબદારી ભર્યા કાર્યક્રમોના આયજનોનો નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. વાવોલમાં દરેક તહેવારે નાવિન્યપૂર્ણ રસનાત્મક કાર્યક્રમો દ્વારા તમામ તહેવારોની ઉજવણી કરતી દ્વારકેશ રેસિડેન્સી ખાતે આવતીકાલે તા. ૨૭મી ઓગસ્ટ રવિવારે હેપ્પી યુથ કલબ દ્વારા નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પ તથા સ્વાઈન ફલુ પ્રતિરોધક આયુર્વદિક ઉકાળાના વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે અહીં સ્વાઈન ફલુ અંગે જાગૃતિ પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવશે.

દ્વારકેશ રેસીડેન્સી ખાતે હેપ્પી યુથ કલબ દ્વારા આયોજિત સર્વ રોગ નિદાન કેમ્પમાં નિષ્ણાંત તબીબો દ્વારા વિના મૂલ્યે વિવિધ રોગોનું નિદાન તથા જરૂર જણાય તો સારવાર પુરી પાડવામાં આવશે. આ શિબિરમાં પેટના રોગો, શ્વાસ, ઉધરસ, કફ, તાવ, સાંધાના રોગો, મણકાની તકલીફ, ડાયાબીટીશ, સ્થૂળતા, કાન, નાક, ગળા, આંખ અને દાંતના રોગો, વ્યંધત્વ, ઉત્તમ સંતતિ, સગર્ભાવસ્થા સહિતના તમામ રોગો અંગે દર્દીને સારવાર તથા યોગ્ય માર્ગદર્શન અને જરૂર જણાય તો વિના મૂલ્યે દવાઓ આપવામાં આવશે. આ સાથે સ્વાઈન ફલુ પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા વાવોલ તથા આસપાસની જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

### આઈ લવ માય ગાંધીનગર



**દિલીપ સી પટેલ**

**ગાંધીનગર ગમે**

ગાંધીનગર રહેવા માટે શાંત અને ઉત્તમ શહેર છે. આ શહેર પ્રદૂષણ મુક્ત છે અને તે સુયોજિત સૅક્ટર્સમાં વહેંચાયેલું છે. પહોળા રસ્તા, દરેક સૅક્ટરે શાળા, બગીચા બાળકો માટે ખૂબ જ ઉપયોગી છે.

**નગરજનો**

સરકારી કર્મચારીઓનું આ નગર છે. અહીંના નગરજનો સ્નેહાળ ને પ્રેમાળ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, આર્ષ, જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શાળાઓમાં માતૃભાષા શિક્ષણ ઉપર ભાર મૂકવો જોઈએ અને શિક્ષણનું સ્તર પણ સુધારવું જોઈએ એવું મને લાગે છે.

**નગર માટે હું કરી શકું**

શિક્ષણ માટે મારી સર્વપ્રકારની સહાય શહેરને પૂરી પાડવા માટે હું તત્પર છું.

## ઈકો ફ્રેન્ડલી ગણેશા : નવી પેઢીનો નવતર ટ્રેન્ડ


સંજય થોરાત, મંગલમૂર્તિ સોસાયટી, સે-૮


પ્રો. અવની મિસ્ત્રી
વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ, ચાંદખેડા


શિવાની ત્રિવેદી અને દિપ્તી જાની
૧૩૬૨/૨, પ્રમુખ પેલેસ, સે-૭-બી


સે-૨-સી


સુયોગ જોષી
એચ-૪૦૪, વૃંદાવન રેસિડેન્સી-૨, સરગાસણ રોડ


સ્વયંમ ગ્રુપ, જ ટાઈપ, સે-૨૦


યોગિનીબેન રોહિતભાઈ સોની
૩૭૩/૨, શ્રેયસ સોસાયટી, સે-૨૨

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં આ વર્ષે ગણેશોત્સવમાં વધુ સામાજિક જવાબદારી તથા રાષ્ટ્ર ભાવના પ્રેરિત કાર્યક્રમોના આયોજન વધુ જોવા મળી રહ્યા છે. ઉત્સવ સાથે સકારાત્મક બાબતોને જોડવાનો પ્રયાસ શહેરના તહેવારને વધુ જવાબદાર બનાવી રહ્યો છે તે માટે નવી પેઢીની આધુનિક વિચારસરણી પણ કેટલેક અંશે ભાગ ભજવી રહી છે. આજની પેઢી પર્યાવરણની ચિંતા કરવા લાગી છે. જેનો પડઘો આ વર્ષે શહેરના ગણેશ ઉત્સવમાં દેખાઈ રહ્યો છે. દર વર્ષે ગણેશ ઉત્સવમાં શ્રીજી મૂર્તિઓ ઈકો ફ્રેન્ડલી વાપરવા માટે સરકાર તથા સામાજિક સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓ થકી આહવાન કરાય છે પરંતુ આ વર્ષે આ મહેનત લેખે લાગતી હોય તેવો ટ્રેન્ડ વર્તાઈ રહ્યો છે. શહેરમાં અનેક આયોજકો તથા શ્રધ્ધાળુઓ દ્વારા 'ઈકો-ફ્રેન્ડલી ગણેશજીની' સ્થાપના કરવામાં આવી છે જે એક આવકારદાયક બાબત છે.


ટીના ચંચલાની, સે-૨૩

### @ગાંધીનગર

● સે-૨૨ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગાંધીનગર દ્વારા આયોજિત ગણેશોત્સવમાં ગુજરાત રાજય સંગીત નાટય અકાદમી દ્વારા પુરસ્કૃત માયાભાઈ આહિરનો ડાયરો રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

● સે-૫-બી સાર્વજનિક ગણેશ મહોત્સવ જય ગોગા મિત્ર મંડળ દ્વારા શોપીંગ સેન્ટર ખાતે આયોજિત ગણેશોત્સવમાં સવારે ૧૦.૩૦ કલાકે સત્યનારાયણ કથા અને રાત્રે ૮ કલાકે રાસ ગરબા કાર્યક્રમ યોજાશે.

● સોમનાથ મહાદેવ મંદિર સમિતિ આયોજીત ગણેશ મહોત્સવમાં રાત્રિના ૮.૩૦ કલાકે જાણીતા કલાકારો દ્વારા મ્યુઝીકલ નાઈટ યોજાશે.

● સે-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા ગણેશ મહોત્સવમાં નિરવ ઠકકર એન્ડ ગૃપ દ્વારા મ્યુઝીકલ નાઈટ રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી દ્વારા ગણેશ મહોત્સવમાં બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો અને રાત્રે ૯ કલાકે ટેલેન્ટ સ્પર્ધા (ગીત, ડાન્સ, મીમીક્રી, અંતાક્ષરી) યોજાશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સવારે ૯ કલાકે ભવ્ય હોમાત્મક ગણેશયાગ અને સાંજે ૫ કલાકે ૧૦૦૮ લાડુની આહુતી અને રાત્રે ૮ કલાકે ભજન સંધ્યા યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે સવારે ૮.૩૦ કલાકે તપ અનુમોદનાનો વરઘોડો દેરાસરથી પ્રયાણ કરી આરાધના ભવન ઉતરશે.

● વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો રંજનબેન એ/૧ ૧૦૭ શ્રી હરિકૃષ્ણ રેસીડેન્સી ટાટા ચોકડીથી કોલવડા રોડ ખાતે બપોરના ૪ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● જય અંબે પદયાત્રા સંઘનું સવારે ૧૦.૩૦ કલાકે પ્રસ્થાન થશે.

● શ્રી એસ.આર.બી. ગ્રુપ ગાંધીનગર દ્વારા લયબધ્ધ શ્વસન સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ યોગ હોલ બ્લોક નં. ૮ની પાછળ જુના સચિવાલય ખાતે સવારે ૮ થી ૯ કલાક દરમિયાન કરાશે.

● સ્મિત મ્યુઝીકલ દ્વારા સ્વ. મુકેશની ૪૧મી પુણ્યતિથિ પર 'ગગનકા મુકેશ હમારા' કાર્યક્રમ રાત્રે ૯ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● વાવોલની દ્વારકેશ રસિડેન્સી ખાતે હેપ્પી યુથ કલબ દ્વારા સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન નિઃશુલ્ક આયુર્વેદિક સર્વ રોગ નિદાન કેમ્પ તથા સ્વાઈન ફલુ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ કરાશે.

### વાતવાતમાં

● શહેરના ચ-૩ સર્કલે એક જ રાજકીય પક્ષના એટલા હોર્ડિંગ્સ લાગ્યા છે કે જેના પગલે સર્કલ જ જાણે તે પક્ષે હાઈજેક કર્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કેટલાક હોર્ડિંગ્સ તો વંચાતા પણ નથી તેટલી ભરમાર સાથેની આવી પરિસ્થિતિ શહેરના ઘ-૩, ચ-૦ સહિત અન્ય સર્કલો પર પણ જોવા મળી રહી છે.

### ચિરવિદાય

- સ્વ. પૂંજીબેન લક્ષ્મણજી ઠાકોર, ઉ.વ. ૭૪
- સ્વ. લક્ષ્મીબેન રમેશજી ઠાકોર, ઉ.વ. ૪૫